# મોડાસામાં યુવા તૂરી બારોટ સંગઠન અને હેલ્પિંગ હેન્ડ ગ્રુપે જરૂરિયાતમંદોને ઠંડીથી બચાવવા ધાબળા ઓઢાડ્યા





મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં ઠંડી નું જોર વધ્યું ત્યારે ફૂટપાથ પર આશરો લઈ રાત દિવસ ગુજારતા શ્રમિકો અને નિરાધાર લોકોને ઠંડી થી રક્ષણ મળે તે હેતુ થી મોડાસામાં યુવા તૂરી બારોટ સંગઠન દ્વારા ફૂટપાથ પર સુતા અને જરૂરિયાત મંદ લોકોને ધાબળા નું વિતરણ કરવામાં આવ્યું .સંગઠનના કાર્યકરોએ રાત્રીના સમયે જઈને ફૂટપાથ પર સુઈ રહેલા નિરાધાર લોકોને ધાબળા વિતરણ કરીને હાડ થિજાવતી ઠંડી માં હૂંફ પુરી પાડવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો.

મોડાસા શહેરમાં અન્ય એક લઘુમતી સમાજના યુવકોનું હેલ્પીંગ હેન્ડ નામનું ગ્રુપ છેલ્લા ૪ વર્ષથી મોડાસા શહેરના ફૂટપાથ પર રાત્રી પસાર કરવા મજબુર બનેલા જરૂરિયાત મંદ લોકોને ઠંડી થી બચાવવા ૧૦૦ થી વધુ ધાબળા ઓઢાડી માનવતા મહેકાવી રહ્યું છે ગ્રુપના સદસ્યોના જણાવ્યા અનુસાર માલપુર રોડ, મેઘરજ રોડ, કોલેજ રોડ અને વિસ્તાર, હજીરા સહીત તમામ વિસ્તારોમાં જરૂરિયાત મંદ લોકોને સુતા હોય ત્યારે ધાબળા ઓઢાડવામાં આવે છે

# લાખણી તાલુકામાં જાહેરમાં ધમધમતી મોતની હાટડીઓ

## આરોગ્ય વિભાગની રહેમ નજરે બોગસ તબીબો બિન્દાસ

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લામાં કાતિલ ઠંડીના કારણે તાવ- શરદી સહિતની બીમારીઓનો ઉપદ્રવ વધી પડ્યો છે તેમછતા જિલ્લાના નવા બનેલા લાખણી તાલુકામાં ઠેરઠેર મુન્નાભાઈ એમ.બી.બી. એસ. તબીબોનો રાફડો ફાટ્યો છે જેઓ આરોગ્ય વિભાગની રહેમ નજર હેઠળ ધિકતી પ્રેકટીસ કરી જાહેરમાં જન આરોગ્ય જોખમાવી રહ્યા છે.

સરહદી જિલ્લામાં હાડ થીજવતી ઠંડીના કારણે બીમારીઓ ફાટી નીકળી છે લાખણી તાલુકો પણ તેમાંથી બાકાત નથી તેમછતાં તાલુકા મથક સહિત અનેક ગામોમાં ડીગ્રી વગરના ડોકટરો બિન્દાસપણે એલોપેથી પ્રેક્ટિસ કરી રહ્યા છે. જેનાં કારણે દવાના વધુ પડતા ડોઝ કે ખોટી દવાથી મોતના બનાવો પણ બન્યા છે તાલુકામાં જીવલેણ ડેન્ગ્યુથી થયેલ બે મોતના બનાવમાં પણ પ્રારંભે બોગસ ડોકટરોની ખોટી સારવાર કારણભૂત હોવાનું ખુલ્યું હતું. તેમ છતાં સ્થાનિક બી.એચ.ઓ. અને જવાબદાર આરોગ્ય તંત્ર દ્વારા તેમની કોઈપણ જાતની તપાસ કરવામાં આવતી નથી જેથી બોગસ તબીબોને મોકળું મેદાન મળી જતા તેઓ પ્રસુતિ સાથે ગર્ભપાત પણ કરાવતા હોવાનું લોકોએ જણાવી હાલમાં તાલુકામાં બીમારીઓ ભરડો લીધો છે તેમછતાં લાખણી તાલુકામાં ખુલ્લેઆમ જન આરોગ્ય જોખમાવતા બોગસ ડોકટરો સામે કોઈ પગલાં લેવાતા નથી તેવો બળાપો પણ ઠાલવ્યો હતો.



જિલ્લા આરોગ્ય અધિકારીએ બિનધિકૃત ખાનગી પ્રેક્ટિસ કરતા સરકારી ડોકટરોને સકંજામાં લીધા છે પરંતુ આજેપણ લાખણીમાં બોગસ ડોકટરોની મોતની હાટડીઓ ધમધમી રહી છે અને તેમની બિનધિકૃત પ્રેક્ટિસથી લોકોના આરોગ્ય સાથે જાહેરમાં ચેડા થઈ રહ્યા છે જેના કારણે બીમારીઓના ઉપદ્રવ વચ્ચે રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે જેને ગંભીરતાથી લઈ જિલ્લા આરોગ્ય તંત્ર સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.



# સાબરના રમતવીરોને મળ્યુ એક અવસરનું આંગણું





હિંમતનગર, તા. ૨

૩૧ ડીસેમ્બર ૨૦૦૯ના રોજ તાત્કાલિક મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વામી વિવેકાનંદ જન શકિત સ્ટેડિયમ હિંમતનગર ખાતે જનતા માટે ખુલ્લું મૂકયું હતું. જેના ૧૧ વર્ષ પૂર્ણ થાય છે. હિંમતનગર સાબર સ્ટેડિયમમાં આજે ગુજરાતની ૨૦૦ દિકરીઓ મહિલા સશકિતકરણની મિશાલ બની છે. જેમણે નેશનલ ગેમ્સમાં ભાગ લઈ મેડલની વણઝાર કરીને સાબર સ્ટેડિયમનું નામ રોશન કર્યું છે. રેસિડેન્સીયલ હોસ્ટેલમા રહીને સવારથી સાંજ સુધી શિક્ષણ સાથે મેદાનની રમત-ગમત ક્ષેત્રે આગવુ પ્રદાન આપી રાજ્યનું નામ રોશન કરી રહી છે.

ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા હિંમતનગર ખાતે સ્પેશિયલ કોચ દ્વારા વિવિધ રમતોમાં સઘન તાલીમ આપવામાં આવે છે. "રમશે ગુજરાત જીતશે ગુજરાત" માત્ર નારો નહીં આજે સાર્થક કથન બન્યું છે. ખેલ મહાકુંભમાં ભાગ લઈને તાલુકા, જીલ્લા અને રાજ્ય સ્તરે ઉત્તમ દેખાવ કરીની હજી તેને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી "ફીટ ઈન્ડિયા અને ખેલો ઈન્ડિયા"ને સાર્થક કરવામાં સાબર સ્ટેડિયમે મહત્વની ભૂમિકા અદા કરી છે. આજે અહીં ૧૯૫ જેટલી છોકરીઓ નિવાસી હોસ્ટેલમાં રહીને ૩૬૫ દિવસ મેદાનની કસરત અને કૌવતના દર્શન કરાવે છે અને રહેવા-જમવાની ઉત્તમ ડાયટ પ્રમાણે કેલેરી આધારિત આહાર આપીને સશક્ત કરવામાં આવી રહી છે. જે આગામી વર્ષોમાં સુંદર પરિણામ સાથે ગોલ્ડ અને સિલ્વર મેડલોનો ભંડાર થશે.

આ સ્ટેડિયમમાં વિશાળ જગ્યામાં અલગ-અલગ ગ્રાઉન્ડ બનાવીને ખેલાડીઓની નિયમિત તાલીમ દ્વારા ચેતનવંતુ વાતાવરણ નિર્માણ થાય છે. જેમાં દોડ, ફૂટબોલ, બાસ્કેટબોલ, ટેનિસ, વોલીબોલ માટે શેડની અંદર ૨૪ કલાક પ્રેક્ટિસ કરી શકાય તેવી અદ્યતન સાધન સુવિધા ઉપલબ્ધ કરાવી છે. સ્વિમિંગ પૂલ તેમજ ખેલાડીની રસ-રુચિ પ્રમાણેની રમત-ગમત કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવી છે.

# પશ્ચિમ બંગાળમાં શહીદ થયેલા સરદારભાઈ ચૌધરીની અંતિમ યાત્રામાં બાળકોની સલામી

## દાંતીવાડા બીએસએફ અને ગાંધીનગર બીએસએફ દ્વારા ગાર્ડ ઓનર શહીદ જવાન સરદારભાઈને પરિવારજનોએ અશ્રુભરી આંખે વિદાય આપી



ડીસા, તા. ૨

પાલનપુર તાલુકાના ખોડલા ગામના જવાન સરદારભાઈ ભેમજીભાઈ બોકા(ચૌધરી) પશ્ચિમ બંગાળમાં શહીદ થયા છે. તેમના વતનમાં માનભેર ગાર્ડ ઓફ ઓનર આપીને અંતિમ સંસ્કાર કરાયા હતા. દાંતીવાડા બીએસએફ અને ગાંધીનગર બીએસએફ દ્વારા ગાર્ડ ઓનર આપ્યું હતું. શહીદને વિદાય આપવા આખું ગામ રસ્તા પર આવ્યું હતું. શહીદના પરિવારજનોએ ચોધાર આંસુએ વિદાય આપી હતી.

સરદારભાઈના પાર્થિવ દેહને એર ઈન્ડિયાની ફ્લાઈટમાં દિલ્હીથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો. સવારે સાત વાગ્યે અમદાવાદથી તેમના નશ્વર દેહને બાય રોડ ખોડલા ગામ લઈ જવાયો હતો. તિરંગામાં સરદારભાઈના પાર્થિવ દેહ લાવતા ગામમાં ગમગીની છવાઈ હતી. શહીદને અંતિમ વિદાય આપવા માટે સ્કૂલના બાળકો, ગામની મહિલાઓ, પુરૂષો વડિલો સહિતનાએ ભારત માતા કી જય અને શહીદ વીર જવાન સરદારભાઈ ચૌધરી અમર રહોનાનારા લગાવ્યા હતા. તેમજ સલામી આપી હતી.

# ભિલોડામાં CAAના સમર્થનમાં વાજતે ગાજતે જનસમર્થન રેલી યોજાઈ



ભિલોડા, તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ભિલોડામાં CAA ના સમર્થનમાં વાજતે ગાજતે જનસમર્થન રેલી યોજાઈ હતી.ભિલોડા ગ્રામ પંચાયત કચેરી પાસેથી જનસમર્થન રેલી નીકળી હતી.એમ.જી.વસાવા,પોલીસ સબ ઈન્સ્પેક્ટર ધ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.સીટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (CAA) અને નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન (NRC) હાલના તબક્કે હોટ ટોપીક છે.ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખા,વનવાસી કલ્યાણ પરિષદ,સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (CAA) આવકારવા અને સમર્થનમાં રેલીનું આયોજન કરાયું હતું.

અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી,ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતિ,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીભાઈ પટેલ,મહામંત્રી ભવાનભાઈ ઠાકોર, એન.કે. કલાસવા, રાજેશભાઈ નિનામા, શૈલેષભાઈ મોથલીયા, ભિલોડા ગ્રામ પંચાયત ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, મનિષભાઈ પટેલ, યોગેશભાઈ બુધ્ધ, મુકેશભાઈ મહેતા, મનોજભાઈ પટેલ, રોહિતભાઈ ત્રિવેદી,બિપીનભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ પટેલ, રાજેશભાઈ પંડ્યા, દેવુભાઈ મેઘાણી, રવિન્દ્રભાઈ ઠાકોર, વેપારીઓ, વિદ્યાર્થીઓ, ગ્રામજનો, વિવિધ સેવાભાવી સંસ્થાઓના પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો, રાજકીય, સામાજીક આગેવાનો કાર્યકરો રેલીમાં જોડાયા હતા.

# અરવલ્લી ખેડૂત મંચે સરકાર સામે બાયો ચઢાવી

## કલેક્ટરને આવેદનપત્ર આપી ખેતીના પાણી માટે ચેકડેમ બનાવવા માંગ



મોડાસા, તા. ૨

ગુજરાતમાં જગતના તાતની દયનિય હાલત થઈ છે.એક પછી એક કુદરતી આફત હોય કે રાજ્ય સરકાર ની ખેડૂતો પ્રત્યેની ઢીલી નીતિ હોય આખરે તો ખેડૂતો ને મુશ્કેલ સ્થિતિનો સામનો કરવાની નોબત આવી છે,ખેડૂતો માટે બાર સાંધો ત્યાં તેર તૂટે એવો ઘાટ સર્જાયો છે ત્યારે અરવલ્લી જિલ્લાના સંગઠનો પણ ખેડૂતોના વિવિધ પડતર પ્રશ્નોને લઈ બાંયો ચઢાવી છે.અરવલ્લી જિલ્લા ખેડુત એકતા મંચ દ્વારા જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રાજ્ય સરકાર ઝડપથી માંગણીઓ સંતોષાય તે માટેની ખેડૂત આગેવાનોએ રજુઆત કરી હતી,ખેડૂતોના પ્રશ્નોના પ્રાણ પ્રશ્નોનો ગાંધીનગર બેઠેલા સરકારના પ્રતિનિધિઓ સુધી અવાજ પહોંચે તે માટે અરવલ્લી જિલ્લા એકતા મંચ દ્વારા કલેકટર આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી

અરવલ્લી જીલ્લા એકતા મંચના સદસ્યોએ જીલ્લા કલેકટર અમૃત્તોશ ઔરંગાબાદકર ને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે જીલ્લાના મેઘરજ તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળામાં પીવાના પાણીની ભારે તંગી રહેતા અને ખેતી માટે ભૂગર્ભ જળ ઊંચા આવે તે માટે નદી-નાળા પર ચેકડેમ બનાવવામાં આવેની માંગ વારંવાર કરવા છતાં માંગ નહિ સંતોષાતા સાત ગામના લોકોએ રમાડ ગામે શ્રમદાન થકી ચેક બનાવતા રાજ્ય સરકાર અને વહીવટી તંત્રના માથે માછલાં ધોવાતાં જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન અને પ્રભારી મંત્રી રમણલાલ પાટકરે મોટી પાંડુલી થી નીલકંઠ તરફ જતી નદી પર સર્વે કરી પાંચ થી સાત જેટલા ચેકડેમ બાંધવાની હૈયાધારણા આપ્યા પછી કોઈ કામગીરી ન થતા ફરીથી શ્રમદાન થકી ચેક બનાવવા જઈ રહ્યા હોવાનું જણાવી સરકાર અંતરિયાળ વિસ્તારના પ્રજાજનોની લાગણી સમજી સત્વરે ન્યાય મળે તેવી માંગ કરી હતી

વધુમાં ભિલોડા ના વાંદીયોલ ગામ નજીક પસારથતી મેશ્વો નદીમાં ચોમાસાની ઋતુમાં વધુ વરસાદ ખાબકતા બે કાંઠે વહેતા આજુબાજુના ગામોનો સંપર્ક વાંદીયોલ ગામથી તૂટી જતા આજુબાજુના ગામલોકો ને ભારે હાલાકી ભોગવવી પડે છે મેશ્વો નદી પર પુલ બનાવવા ગામલોકોએ અનેકવાર વિવિધ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા છતાં પુલ બનાવવામાં ન આવતા સત્વરે મેશ્વો નદી પર પુલ બનાવવામાં આવે અને ભિલોડા તાલુકાના આદિવાસી વિસ્તારોમાંના કેટલાક ગ્રામ્ય વિસ્તારોને જોડાતા માર્ગો પર રીપેવરિંગ કરવામાં આવેની રજુઆત કરી હતી

# CAAના સમર્થનમાં મોડાસામાં ભવ્ય ઢોલ નગારા સાથે જનસમર્થન રેલી

મોડાસા, તા. ૨

સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (CAA) અને નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન (એનઆરસી) હાલ અરવલ્લી જીલ્લામાં હોટ ટોપિક છે ત્યારે ભિલોડા નગરમાં ભારત વિકાસ પરિષદ અને વનવાસી કલ્યાણ પરિસદ દ્વારા સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સી.એ.એ) ને આવકારવા અને સમર્થનમાં ભવ્યાતિભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં નગરજનો, સહીત બાળકો ઉપસ્થિત રહ્યા હતા સી.એ.એ જનસામર્થનમાં.

# શામળાજી મુકામે ભિલોડા તાલુકાના પુર્વ સૈનિકોનું સંમેલન

શામળાજી, તા. ૨

ભારતીય સેનામાં સેવા આપી નિવૃત થયેલા અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં વસવાટ કરતા પુર્વ-સૈનિકો તથા દિવંગત સૈનિકોના ધર્મ-પત્નિઓનું સંમેલન તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૦ના રવિવારના સવારે ૮:૦૦ થી બપોરના ૨:૦૦ કલાક સુધી શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી મુકામે રાખવામાં આવેલ છે.

રાજ્ય સરકાર તથા રાજ્ય સૈનિક બોર્ડ, ગુજરાત રાજ્ય તરફથી પુર્વ-સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મ- પત્નિઓ તથા તેઓના આશ્રિતોને આપવામાં આવતી વિવિધ સહાયની જાણકારી આ સંમેલનમાં આપવામાં આવશે. ભિલોડા તાલુકાના રજીસ્ટર થયેલ દરેક પુર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મ- પત્નિઓને આ સંમેલનમાં હાજરી આપવા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સાબરકાંઠા (હિંમતનગર) તરફથી આ સંમેલનમાં હાજર રહેવા આમંત્રણ પત્ર પાઠવવામાં આવ્યા છે છતાં જેમને પત્ર ન મળ્યો હોય તે પુર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મ- પત્નિઓને પણ આ સંમેલનમાં હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

# પ્રાંતિજ ખાતે બાર એસોસીએશનના હોદેદારોની વરણી કરવામાં આવી

## પ્રમુખ સહિત હોદેદારોની વરણી કરવામાં આવી : પ્રાંતિજ સિવીલ એન્ડ ક્રિમિનલ બાર એસોસીએશનના હોદેદારોની વરણી થઈ

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સિવિલ એન્ડ ક્રિમિનલ બાર એસોસીએશનના હોદેદારો ની વરણી કરવામાં આવી

પ્રાંતિજ ખાતે કાર્યરત વકીલ એસોશીએશન દ્વારા સન ૨૦૨૦ નાપ્રમુખ સહિત હોદેદારો ની વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે પ્રકાશ કુમાર જે.જોષી તથા ઉપપ્રમુખ તરીકે નવીનચંદ્ર એ.પટેલ, સેક્ટરી તરીકે લાલસિંહ એમ.મકવાણા, જો.સેકેટરી તરીકે કિરીટભાઈ એ.રોહિત, ખજાનચી જગદીશભાઈ પી.પટેલ તથા લાયબ્રેરી સેક્રેટરી તરીકે કમલેશકુમાર કે.સોની ની વરણી કરવામાં આવી છે

## અહો આશ્ચર્યમ્

# થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે અરવલ્લી જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં એક પણ પીયક્કડ ના ઝડપાયો

મોડાસા, તા. ૨

આજના યુવા વર્ગમાં ૩૧ ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણી કરવાનો ભારે જોમ હોવાની સાથે વિદેશી દારૂની મહેફિલો માણતા હોવાની સાથે રાજ્યમાં દારૂબંધી હોવાથી યુવાનો અને લોકો રાજસ્થાનની વાટ પકડી રાજસ્થાનમાં વિદેશી દારૂની છોળો વચ્ચે ૩૧



ડિસેમ્બરની ઉજવણી કરી રાત્રે અથવા વહેલી સવારે પરત ફરતા હોય છે અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી અગાઉ મોટી સંખ્યામાં પીધ્ધડો થર્ટી ફર્સ્ટની રાત્રે કે પછી બીજા દિવસે પકડાયા હોવાની ઘટનાઓ બની છે એકબાજુ રાજ્ય સરકારે તમામ આંતરરાજ્ય પોલીસ ચેકપોસ્ટ ખુલ્લી મૂકી દેવાના નિર્ણયની ભારે ટીકા થઈ રહી છે ૩૧ ડિસેમ્બરે અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી,શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી એક પણ પીઅક્કડ પોલીસને હાથ ન લાગતા ભારે આશ્ચર્ય સર્જાયું છે

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ ના માર્ગદર્શન હેઠળ ૩૧ ડિસેમ્બરે કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન થાય તે માટે અને આંતરરાજ્ય સરહદો પરથી પોલીસ ચેકપોસ્ટ હટાવી લેતા બુટલેગરો વિદેશી દારૂ ઠાલવે નહિ તે માટે પોલીસ પેટ્રોલિંગ અને નાકાબંધી કરવાની સાથે વિવિધ તપાસ એજન્સીઓ કાર્યરત કરી વાહનચાલકોનું બ્રેથ એનેલાઈઝર દ્વારા થી ચેકીંગ હાથધર્યુ હતું ૩૧ ફર્સ્ટ ડિસેમ્બરની રાત્રીએ અને બીજા દિવસે અરવલ્લી જીલ્લામાંથી એક પણ વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં મળી ન લોકોમાં ભારે આશ્ચર્ય સર્જાયું છે શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રતનપુર ચેકપોસ્ટ પરથી મોટી સંખ્યામાં લોકો રાજસ્થાનમાં દારૂની પાર્ટી કરવા પહોંચતા હોય છે ૩૧ ફર્સ્ટ પણ મોટી સંખ્યામાં લોકો બાઈક,કાર સહીત વિવિધ વાહનો મારફતે થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા દારૂના શોખીનોએ રાજસ્થાનની વાટ પકડી હતી અને કેટલાક લોકો દારૂની છોળો વચ્ચે નવા વર્ષની ઉજવણી કરી રાજાપાટ માં ઘરે પહોંચ્યા હોવા છતાં



પોલીસ પકડથી દૂર રહેતા પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે.

અરવલ્લી જીલ્લામાં કડક દારૂ બંધીની અમલવારી કે પછી બુટલેગરો સહીત પીધેલાઓને પકડવાની કામગીરી કરવામાં પોલીસ ઉણી ઉતરી કે પછી રાજ્ય સરકારની છબી ખરડાય નહિ તે માટે દારૂના શોખીનો પકડવા નહિ નો આદેશ ઉપરથી તો થયો નથી સહીત તરહ તરહ ની ચર્ચાએ જોર પકડ્યું છે